# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-10-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# KRUSHI VIKAS DIVAS

વિકાસ સપ્તાહ અંતર્ગત આજે કૃષિ વિકાસ દિવસ ઉજવાઇ રહ્યો છે. ત્યારે જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે ધારાસભ્ય દિવ્યેશ અકબરીની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના અનુભવો વર્ણવ્યા તેમજ વિવિધ યોજનાના 13 લાભાર્થીને 19 લાખ રૂપિયાથી વધુની સહાય અપાઈ. બનાસકાંઠા અને વાવ, થરાદ જિલ્લાના લાખણી, થરાદ અને દિયોદરમાં બાગાયત ખેતી, પ્રાકૃતિક ખેત પેદાશના હાટડી બનાવાઈ છે. કાર્યક્રમમાં ખેડૂતોને વિવિધ ઘટકોની સહાયના પેમેન્ટ ઓર્ડરનું પણ વિતરણ કરાયું.

. . . . . . . . . . . . .

# CHHOTA UDEPUR KRUSHI

છોટાઉદેપુરમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – APMC ખાતે પ્રભારી મંત્રી રાજ્યકક્ષાના મંત્રી ભીખુસિંહ પરમારની અધ્યક્ષતામાં કૃષિ મહોત્સવ કાર્યક્રમ યોજાયો. ખેડૂતોને રવિ મોસમમાં રવિ પાક અંગે આધુનિક ખેતી અંગે માર્ગદર્શન મળે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ અંગે રાજ્યકક્ષાના મંત્રી ભીખુસિંહ પરમારે વધુ માહિતી આપી.

(BYTE: BHIKHUSINH PARMAR, STATE MINISTER)

. . . . . .

# JAMNAGAR POONAM MADAM

મહિલાઓની પ્રગતિ પર સંયુક્ત રાષ્ટ્રની ત્રીજી સમિતિના સંવાદમાં જામનગરના સાંસદ પુનમ  બેન માડમે નિવેદન આપ્યું. તેમણે જણાવ્યુ હતું કે  પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકાર મહિલા સશક્તિકરણ માટે પ્રતિબદ્ધ છે.

. . . . . . . . . . . . .

# BHAVNAGAR HOUSING TRAGEDY

ભાવનગરમાં હાઉસિંગ બૉર્ડનું ત્રણ માળનું મકાન તૂટી પડતાં એક વ્યક્તિનું મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે , આનંદનગર વિસ્તારમાં હાઉસિંગ બૉર્ડનું આ મકાન ગઈકાલે રાત્રે 11 વાગ્યાની આસપાસ ધરાશાયી થતાં પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

મોડી રાત્રે અગ્નિશમન દળના કર્મચારીઓ સાડા ત્રણ કલાકની જહેમત બાદ કાટમાળમાં ફસાયેલા છ જેટલા લોકોને બહાર કાઢ્યા હતા. બનાવની જાણ થતાં જિલ્લા કલેક્ટર સહિત પોલીસના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

. . . . . . . .

# BHAVNAGAR SP

ભાવનગરના જિલ્લા પોલીસ વડાને લોકો હવે વોટ્સએપ દ્વારા સીધો સંપર્ક કરી શકશે. જિલ્લા પોલીસ દ્વારા 78 74 62 78 74 નંબર જાહેર કરાયો છે. આ વિશેષ પહેલની જાહેરાત કરતાં પોલીસ અધિક્ષક નિતેશ પાંડેએ જણાવ્યુ , કેફી પદાર્થ, છેડતી, વ્યાજવટાવ સહિતની ફરિયાદ આ નંબર પર કરી શકાશે.

. . . . . . . . . .

# ARVALLI VIKAS SAPTAH

વિકાસ સપ્તાહ હેઠળ અરવલ્લીમાં મોડાસા , શામળાજી અને બાયડ સહિતના તાલુકામાં કૃષિ વિકાસ દિવસની ઉજવણી કરવામાં આવી. ખેડૂતોને જરૂરી માર્ગદર્શન મળે તે હેતુથી ઉજવાયેલા આ દિવસની ઉજવણી દરમિયાન ખેડૂતોને ટ્રેક્ટર તેમજ ખેતીલક્ષી વિવિધ સહાય આપવામાં આવી. આ અંગે મોડાસા નગરપાલિકાના પ્રમુખ નીરજ શેઠે વધુ માહિતી આપી.

(BYTE: NIRAJ SHETH, PRAMUKH, MODASA NAGARPALIKA)

. . . . . .

# BOTAD MARKET

બોટાદ માર્કેટિંગ યાર્ડમાં આજે કપાસની 75 હજારથી મણ આવક નોંધાઈ છે. આજે કપાસના એક હજાર જેટલા વાહનો માર્કેટ યાર્ડમાં આવ્યા. ત્યારે કપાસની હરાજીમાં એક હજારથી 1500 રૂપિયાનો ભાવ રહ્યો છે.

. . . . . . . . .

# SURENDRANAGAR SANGAM DIVAS

સુરેન્દ્રનગરમાં વઢવાણ તાલુકાના મેમકા ગામ ખાતે વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે 'પોષણ સંગમ દિવસ 'ની ઉજવણી કરવામાં આવી. જિલ્લા વિકાસ અધિકારી કે. એસ. યાજ્ઞિકની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં તેમણે પોષણના મહત્વ પર ભાર મૂક્યો હતો. સાથે જ તેમણે સ્વચ્છ બાળપણ થકી સ્વસ્થ સમાજનું નિર્માણ થઈ શકે તેવો લોકોને સંદેશ પાઠવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન, જિલ્લા વિકાસ અધિકારીના હસ્તે ગામના તેજસ્વી બાળકો અને તેમના વાલીઓનું સન્માન કરાયું. ઉપરાંત આંગણવાડી કાર્યકરોને પ્રેરણા આપતા અને શ્રેષ્ઠ કામગીરી બદલ 'માતા યશોદા પુરસ્કાર' પ્રાપ્ત કરનારી બહેનો અને રાજ્યકક્ષાએ પ્રથમ આવેલી કિશોરીઓનું વિશેષ સન્માન કરાયું.

. . . . . .

# MEHSANA AIR SHOW

મહેસાણામાં આગામી 24 તારીખે એર શો યોજાશે. ભારતીય વાયુસેનાની પ્રખ્યાત સૂર્યકિરણ ઍરોબેટીક ટુકડી દ્વારા ઍરોડ્રામ ખાતે આ ઍર શોમાં વિમાનના વિવિધ કરતબનું પ્રદર્શન કરાશે. લોકો વિનામૂલ્યે આ ઍર શોને નિહાળી શકશે.

અમદાવાદમાં પણ 26 તારીખે એર શો યોજાશે.

. . . . . . . . . . . . . .